જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) બનાસકાંઠાની કચેરી,
જિલ્લા સેવા સદન-૨, પ્રથમ માળ,
જોરાવર પેલેસ સંકુલ, પાલનપુર ફોન/ફેક્સ નં. ૦૨૭૪૨/૨૫૩૭૬૫
E-MAIL:ddcw-sjed-ban@gujarat.gov.in

નં:સકઅ/સ.સા.યો./દરખાસ્ત/૨૦૨૦-૨૧/૧૨૦૧ તા.૦૯/૦૯/૨૦૨૦

**ઘણો જરૂરી / સમય મર્યાદા**

પ્રતિ,

આચાર્યશ્રી, (બનાસકાંઠા જિલ્લાની તમામ સરકારી માધ્યમિક શાળાઓ)

..............................................................................................

મુ................................... તા.............................. જિ.બનાસકાંઠા.

વિષય : સરસ્વતી સાધના યોજના હેઠળ સાયકલ સહાયની ઓનલાઇન દરખાસ્તો મોકલવા બાબત.

સંદર્ભ: અત્રેની કચેરીનો તા.૧૩/૦૭/૨૦૨૦ નો પરિપત્ર નં. સકઅ/પ્રિ.મે.શિ./૨૦૨૦-૨૧/૬૫૩

જયભારત સહ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભવાળા પરિપત્રથી વર્ષ ૨૦૨૦-૨૧ માં ધોરણ-૯ માં અભ્યાસ કરતી સા.શૈ.પ.વ. તથા આ.પ.વ.ની કન્યાઓને સાયકલ આપવા અંગેની ઓનલાઇન દરખાસ્તો **Digital Gujarat Portal** પર તા.૩૧/૦૭/૨૦૨૦ સુધીમાં (હાયર ઓથોરીટી) જિલ્લા કચેરીને ફોરવર્ડ કરવા સુચનાઓ આપવામાં આવેલ છે. પરંતુ હજુ સુધી ઘણી ખરી શાળાઓએ સાયકલની દરખાસ્તો ઓનલાઇન કરેલ નથી.

સરકારશ્રી ધ્વારા કન્યાઓને સાયકલ સમયસર મળી રહે તે માટે ગ્રીમકોને ઇન્ડેન્ટ પણ મોકલવામાં આવેલ છે. અને ટુંક સમયમાં જિલ્લામાં સાયકલો આવનાર છે. આ અંગે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર ધ્વારા સાયકલોની ઓનલાઇન દરખાસ્તો મોડામાં મોડી **તા.૧૫/૦૯/૨૦૨૦ સુધીમાં જિલ્લા કચેરીને મોકલવા સુચના આપેલ છે.** જે ધ્યાને લઇને તેમજ તા.૧૩/૦૭/૨૦૨૦ ના પરિપત્રમાં જણાવેલ સુચનાઓ મુજબ **આપની શાળાની ધોરણ - ૯ ની સા.શૈ.પ.વ. તથા આ.પ.વ.ની સાયકલ સહાય માટેની પાત્રતા ધરાવતી કન્યાઓની ઓનલાઇન દરખાસ્ત આપની કક્ષાએથી વેરીફાય કરીને મોડામાં મોડી તા.૧૫/૦૯/૨૦૨૦ સુધીમાં જિલ્લા કચેરીને ફોરવર્ડ કરવા તથા તે અંગેની જાણ અત્રેની કચેરીને કરવા વિનંતી છે.**

જો નિયત સમય મર્યાદામાં સાયકલ દરખાસ્ત જિલ્લા કચેરીને ઓનલાઇન ફોરવર્ડ કરવામાં નહી આવે અને પાત્રતા ધરાવતી કન્યાઓ સાયકલ મેળવવાથી વંચિત રહી જશે તો તે અંગેની સઘળી જવાબદારી આપશ્રીની રહેશે. જેની સ્પષ્ટ અને ગંભીર નોંધ લેવા પુનઃ વિનંતી છે.

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
(વિ.જા.) બનાસકાંઠા, પાલનપુર

NB
જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર



Scanned by CamScanner